# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-06-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ પંચાલ** વાંચે છે.

---

- રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં ‘નમો વડ વન’ની મુલાકાત લીધી - અમદાવાદમાં 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ' અભિયાનનો પ્રારંભ કરાવ્યો.
- ગાંધીનગરના વન ચેતના કેન્દ્ર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી - ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડે તૈયાર કરેલા પ્લાસ્ટિકની બૉટલનો નાશ કરતા મશીનનું ઉદ્ઘાટન કરાયું.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 155મા અંગદાન થકી કુલ ચાર અંગોનું દાન મળ્યું.
- આવતીકાલથી ત્રણ દિવસ કેટલાક જિલ્લાઓમાં સામાન્ય વરસાદની આગાહી
- કચ્છમાં મેલેરિયા ફેલાવાની શક્યતા ધરાવતા વિસ્તારોમાં 340 જેટલા નિદાન કેમ્પનું આયોજન.

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM - NAMO VAD VAN MULAKAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં 'નમો વડ વન'ની નિરીક્ષણ મુલાકાત લઈ અહીં વૃક્ષારોપણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ અહીં વાવવામાં આવેલા ફૂલ-છોડ રોપાઓ તથા અન્ય વ્યવસ્થાઓની માહિતી મેળવી હતી.

ગાંધીનગરમાં એક હેક્ટર વિસ્તારમાં નિર્માણ થયેલા 'નમો વડ વન'માં વિવિધ પ્રજાતિઓના નાના-મોટા રોપા અને ફૂલ-છોડ વગેરે મળી સાડા 6 હજાર રોપાઓનો ઉછેર થઈ રહ્યો છે. આવા 'નમો વડ વન'માં ટપક સિંચાઈ પદ્ધતિ અને માટલા પદ્ધતિથી પાણીના મર્યાદિત ઉપયોગ સાથે છોડનો ઉછેર કરવામાં આવે છે.

ઉપરાંત 'નમો વડ વન' લોકો માટે પર્યાવરણ પ્રિય પ્રવાસન સ્થળ, પ્રવાસન આકર્ષણ કેન્દ્ર બને તે માટે ચિલ્ડ્રન પ્લે એરિયા, યોગ પ્લેટફોર્મ, બેસવા માટે બેન્ચીઝ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

તો આ તરફ ગાંધીનગરના વન ચેતના કેન્દ્ર ખાતે વન અને પર્યાવરણ વિભાગ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ જાગૃતિ સેમિનાર તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

----------------

## AMC CM MELLION TREE

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અમદાવાદ ખાતે વૃક્ષારોપણ કરીને 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ' અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો..

મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતેથી AMCના વિવિધ પર્યાવરણલક્ષી પ્રકલ્પોનો આરંભ કરાવ્યો હતો.. AMTS દ્વારા નવા શરૂ કરવામાં આવનાર મેટ્રો કનેક્ટિવિટી ફીડર રૂટ અને રિવરફ્રન્ટના નવા રૂટ પરની ઈલેક્ટ્રીક બસોનું પણ મુખ્યમંત્રીએ લીલીઝંડી ફરકાવીને લોકાર્પણ કર્યું હતુ. સાથોસાથ મુખ્યમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત રીડ્યુશ, રીયુઝ, રીસાયકલ  થ્રી આર વાનનો પણ આરંભ કરાવ્યો હતો.

----------------------------

## GUJARAT PARYAVARAN DIVAS

રાજ્યભરમાં આજે ઠેરઠેર વિશ્વ પર્યાવરણ દિવસની અલગઅલગ રીતે ઉજવણી કરવામાં આવી રહી છે.

જામનગર મહાનગરપાલિકાએ શહેરના વૉર્ડ નંબર 2ના સોનલનગર વિસ્તારમાં આઠ એકરની જગ્યામાં 32 હજાર 800 વૃક્ષના વાવેતરનો આજથી પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય, મેયર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પંચમહાલમાં હાલોલ વનવિભાગે પર્યાવરણની જાગૃતિના સંદેશ સાથે હાલોલથી પાવાગઢ સુધી બાઈક રેલી યોજી હતી.

વડોદરામાં કરૂણા એમ્બુલન્સના કર્મયોગીઓએ વડોદરા, ડભોઈ, સાવલી, કરજણ સહિતના તાલુકામાં વૃક્ષારોપણ કર્યું હતું. ઉપરાંત આકાશવાણી વડોદરા ખાતે અતિથિ વિશેષ નિવૃત્ત પોલીસ અધિક્ષક લક્ષ્મણસિંહ વાઘેલા અને કથક કલાકાર ધીરુ મિસ્ત્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

ડાંગના જિલ્લા કલેક્ટર મહેશ પટેલે સરકારી કચેરીઓમાં ખપ પૂરતી વસ્તુઓનો જ ઉપયોગ કરવા આદેશ આપ્યો છે. ઉપરાંત ડાંગ વનવિભાગ તેમ જ તેમના કાર્યવિસ્તારની વિવિધ રેન્જ કચેરીઓ દ્વારા વૃક્ષો અંગે જાગૃતિ પ્રસરાવવાના વિષય સાથે આહવા ડિવિઝન ઑફિસથી ફૉરેસ્ટ કૉલોની સુધી બાઈક રેલી યોજવામાં આવી હતી.

સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વ વિદ્યાલયના પ્રાંગણમાં સમગ્ર વર્ષ દરમિયાન કુલ અગિયાર હજાર વૃક્ષ ઉછેરવાના લક્ષ્યાંક સાથે વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં દગાચી નક્ષત્ર વન ખાતે 'બિનફળદ્રુપ જમીનને વૃક્ષારોપણ કરી ફળદ્રુપ બનાવવી'ના વિષયવસ્તુ સાથે 100થી વધુ છોડનું વાવેતર કરવામાં કરવામાં આવ્યું. આ પ્રસંગે દીવના જિલ્લા વન અધિકારી હર્ષરાજ વાઠોરે લોકોને વૃક્ષારોપણ કરવા અને વૃક્ષોનું જતન કરવા અપીલ કરી હતી.

દીવના ફૂદમ ગામ ખાતે આવેલા ગંગેશ્વર મહાદેવ મંદિર ખાતે શાળાના વિદ્યાર્થીઓએ સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ કર્યું હતું.

સાબરકાંઠાના હિમ્મતનગર વિજાપુર રોડ પર આવેલા ઋષિવન દેરોલ ખાતે 'નેચર ઑક્સિજન મૉલ' શરૂ કરવામાં આવ્યો છે. તેમ જ અહીં 111 છોડ વાવીને પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ ખાતે બીચને સ્વચ્છ અને સુંદર બનાવવા લોકોને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ પ્રસરાવવા માટે વિશેષ બીચ સફાઈ અને વૃક્ષારોપણનું અભિયાન યોજાયું હતું.

પંચમહાલના ગોધરા ખાતે E.M.E.R.I. ગ્રીન હેલ્થ સર્વિસ અને જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકમે, D.L.S.A. દેવભૂમિદ્વારકા દ્વારા દ્વારકામાં તેમ જ પાટણમાં બ્રહ્માકુમારીઝ પરિવાર દ્વારા નવનિર્મિત ભવન ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

મહેસાણામાં કડીના વનવિભાગ અને નગરપાલિકાએ વૃક્ષારોપણ અને સફાઈની કામગીરી કરી હતી.

. . . . . . . . . . . . . . .

## GNR GPCB PARYAVARAN DIVAS UJAVANI

વન પર્યાવરણ વિભાગ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરના વન ચેતના કેન્દ્ર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે અગ્ર મુખ્યવન સંરક્ષક યુ. ડી. સિંઘે જણાવ્યું કે, આપણે સૌએ તણાવ મુક્ત જીવન જીવવા પર્યાવરણનું રક્ષણ કરવું જરૂરી છે.

આ પ્રસંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ દ્વારા ઉપયોગમાં લેવાયેલી પ્લાસ્ટિકની બૉટલનો નાશ કરી શકાય તે માટે રિવર્સ વેન્ડિંગ મશીન એટલે કે, બોટલને નાશ કરવા માટે બનાવવામાં આવેલી મશીનનું પણ મહાનુભાવોએ ઉદ્ઘાટન કર્યું હતું. આ મશીન છ G.S.R.T.C.ના બસ સ્ટેશન અને એક રેલવે સ્ટેશન પર મુકવામાં આવ્યા છે.

................................

## AHMEDBAD CIVIL HOSPITAL ANGADAN

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 155 મા અંગદાન થકી લીવર, 2 કિડની તથા હૃદય સાથે કુલ ચાર અંગોનું દાન મળ્યું છે. આ રીતે સિવિલ હોસ્પિટલને ફક્ત સાડા ત્રણ વર્ષમાં 500થી વધુ અંગનું દાન પ્રાપ્ત થયું છે.

સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, હાલમાં અમદાવાદમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના 32 વર્ષીય શ્રમિકને પહેલી જૂને તબીબોએ બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. તબીબોની ટીમે તેમના પરિવારજનોને અંગદાન અંગે સમજાવતા તેમણે અંગદાનનો નિર્ણય લીધો હતો.

(બાઈટ - ડૉ. રાકેશ જોષી, સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ)

..........

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................................

## WEATHER

રાજ્યના હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આવતીકાલથી ત્રણ દિવસ દાહોદ, નર્મદા, છોટા ઉદેપુર, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરાનગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ સામાન્ય વરસાદની આગાહી કરી છે. આગાહી વચ્ચે આજે વલસાડ અને નવસારીમાં વહેલી સવારે વરસાદ વરસ્યો હતો. જેને પગલે રોડ-રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા લોકો ત્રસ્ત થયા હતા.

રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમદાવાદ, ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. જ્યારે રાજકોટ, બનાસકાંઠાના ડીસામાં 41 વડોદરા અને કંડલા એરપોર્ટ પર 40, વલ્લભવિદ્યાનગરમાં 39, મહુવા, ભુજ અને કંડલા બંદર પર 38 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે આ સિવાય અન્ય જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 38 ડિગ્રીથી ઓછું રહ્યું છે. જ્યારે રાજ્યનું સૌથી ઓછું 33 ડિગ્રી સેલ્સિયસ તાપમાન દ્વારકા જિલ્લામાં નોંધાયું હતું.

..................................

## MALARIA MAHINA UJAVANI

સમગ્ર કચ્છ જિલ્લામાં આ જૂન મહિના દરમિયાન મેલેરિયા ફેલાવવાની શક્યતાવાળા કચ્છના 274 ગામ તથા સાત શહેરી વિસ્તારોમાં 340 જેટલા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવશે.

મુખ્ય જિલ્લા આરોગ્યની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું કે, આ ગામોમાં ગ્રામ્યકક્ષાના અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ તથા લોકઆગેવાનો સાથે સંકલન કરી શિબિરોમાં મચ્છરોનું જીવનચક્ર, મચ્છરના પોરા તથા પોરાભક્ષક માછલીઓનું જીવંત નિર્દેશનોનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જૂનને મેલેરિયા માસ ઉજવવા નિયત પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

------------

## BHARUCH MANSUKH VASAVA

ભરૂચ લોકસભા બેઠકથી ભાજપના ઉમેદવાર મનસુખ વસાવા આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૈતર વસાવા સામે 85 હજાર 696 મતની

સરસાઈથી ચૂંટણી જીત્યા છે. નર્મદાના અમારા પ્રતિનિધિ દિપક જગતાપ સાથે વાતચીત કરતાં ભાજપનાં ઉમેદવાર મનસુખ વસાવાએ કહ્યું કે,..

(બાઈટ - મનસુખ વસાવા, ભાજપના ઉમેદવાર, ભરૂચ લોકસભા બેઠક)

------------

## NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- ગાંધીનગરના યુવક-યુવતીઓ માટે જિલ્લા કક્ષાએ યુવક નેતૃત્વ તાલીમ શિબિર અને યોગાસન તાલીમ શિબિર યોજાશે. ઇચ્છુક ઉમેદવારો જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીએ 11 જૂન સુધી અરજી કરી શકશે.
- જામનગરમાં એક સામાજિક સંસ્થા દ્વારા ડાયાબિટીકથી પીડાતા બાળકો માટે યોજાયેલા મેગા કેમ્પમાં 126 બાળકોએ ભાગ લીધો. નિષ્ણાતોએ વાલીઓને ડાયાબિટીસ અંગે માર્ગદર્શન અપાયું.
- પૂર્વ કચ્છ એ.આર.ટી.ઓ.ની કચેરી અંજાર 12 જૂને ભચાઉમાં અને 26 જૂને રાપરમાં વાહનોનો ફિટનેસ રિન્યૂ કેમ્પ યોજશે.
- અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની એક દિવસીય કેન્દ્રીય કાર્ય સમિતિ બેઠક સુરત ખાતે સંપન્ન થઈ.
- પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર ખાતે વૈશાખ માસની માસિક શિવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જુનાગઢ પોલીસ બેન્ડ દ્વારા સોમનાથ મહાદેવ સમક્ષ આરતી ધૂન પ્રસ્તુત કરવામાં આવી.
- વડોદરા જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાના નિવૃત્ત થતા 36 શિક્ષકોને જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે સન્માનિત કરાયા. આ તમામ શિક્ષકોને

મળવાપાત્ર તમામ લાભ નિવૃત્તિ સમયે આપવા વડોદરા જિલ્લા પંચાયતની નવતર પહેલ.

----------